# ગુજરાત પોલીસ ભરતી બોર્ડ

## ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની જાહેરાત

ગુજરાત પોલીસ દળમાં વર્ગ-૩ સંવર્ગની નીચે મુજબની કુલ-૧૩૫૯૧ ખાલી જગ્યાઓ ભરતી નિયમો મુજબ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ફક્ત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવનાર છે.

(૧) પો.સ.ઇ. કેડર (PSI CADRE)

| અ.નં. | જાહેરાત ક્રમાંક | સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | GPRB/202526/1 | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૬૫૯ |
| | | હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૧૨૯ |
| | | જેલર ગ્રુપ-૨ | ૭૦ |
| | | કુલ: | ૮૫૮ |

<u>પો.સ.ઇ. કેડરની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રહેશે.</u>

**"Possess Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognised by the Government"**

(૨) લોકરક્ષક કેડર (LOKRAKSHAK CADRE)

| અ.નં. | જાહેરાત ક્રમાંક | સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | GPRB/202526/1 | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૯૪૨ |
| | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૪૫૮ |
| | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (SRPF) | ૩૦૦૨ |
| | | જેલ સિપોઇ (પુરૂષ) | ૩૦૦ |
| | | જેલ સિપોઇ (મહિલા / મેટ્રન) | ૩૧ |
| | | કુલ: | ૧૨૭૩૩ |

<u>લોકરક્ષક કેડરની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રહેશે.</u>

**"Have passed the Higher Secondary School Certificate Examination from the Secondary and Higher Secondary Education Board or possess an equivalent qualification recognised as such by the Government"**

(૩) ઉપર જણાવેલ તમામ સંવર્ગની ખાલી જગ્યાઓની ભરતી અંગેની વિગત https://ojas.gujarat.gov.in વેબસાઇટ તથા ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in ઉપર મુકવામાં આવનાર સુચનાઓમાં દર્શાવવામાં આવશે. જે જોઇ લેવાની રહેશે.

(૪) પો.સ.ઇ. કેડર અને લોકરક્ષક કેડરની ભરતી અંગે વિગતવારની તમામ સુચનાઓ (જાહેરાત) https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર તા.૦૩/૧૨/૨૦૨૫ તારીખે અપલોડ કરવામાં આવનાર છે. આ તમામ સુચનાઓ (જાહેરાત) કાળજીપુર્વક વાંચી નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

(૫) પો.સ.ઇ. કેડર અને લોકરક્ષક કેડરની ઓનલાઇન અરજીઓ <u>તા.૦૩/૧૨/૨૦૨૫ (બપોરના કલાક: ૧૪.૦૦) થી તા.૨૩/૧૨/૨૦૨૫ (રાત્રિના કલાક: ૨૩.૫૯)</u> સુધી OJASની વેબસાઇટ https://ojas.gujarat.gov.in ઉપર સ્વીકારવામાં આવશે.

(૬) ઉમેદવારોએ ઓનલાઇન અરજી કર્યા પછી કન્ફર્મ (CONFIRM) કરીને તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે ભરતી બોર્ડ દ્વારા માંગવામાં આવે ત્યારે તે રજૂ કરવાની રહેશે.

(૭) ઉમેદવારે કોઇપણ સંજોગોમાં ટપાલથી, ઇ-મેઇલથી કે રૂબરૂમાં અરજી પત્રક મોકલવાના રહેશે નહીં તેમજ આવા અરજીપત્રકો સ્વીકારવામાં પણ આવશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૮) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ભરતી બોર્ડ / સરકારશ્રીને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને ભરતી બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૯) ઉપરોક્ત ભરતીને લગતી વખતો વખતની સૂચનાઓ ગુજરાત પોલીસ ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in ઉપર જોવાની રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૯/૧૧/૨૦૨૫

Sd/-
( નિરજા ગોટરૂ, IPS )
અધ્યક્ષ, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ અને,
પોલીસ મહાનિદેશક, ગાંધીનગર.

માહિતી/૧૯૪૯/૨૦૨૫-૨૬